**વિકાસ સપ્તાહ-૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે તા. ૧૪ થી ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ સમગ્ર રાજ્યમાં "કૃષિ વિકાસ દિન-૨૦૨૫ તેમજ રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૫"ના કાર્યક્રમોનું સંયુક્ત આયોજન બાબત.**

**ગુજરાત સરકાર**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

**પરિપત્ર ક્રમાંક:-ACD/KWG/e-file/2/2025/3287/K7**

**સરદાર ભવન, ગાંધીનગર**

**તા.૦૪/૧૦/૨૦૨૫**

**પરિપત્ર :**

રાજ્ય સરકાર દ્વારા તા. ૦૭ થી ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫ દરમ્યાન વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે થીમેટીક દિવસો અંતર્ગત વિવિધ વિભાગોને તારીખવાર કાર્યક્રમો કરવા જણાવેલ છે, જે અંતર્ગત કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા તા. ૧૪ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ સમગ્ર રાજ્યમાં **કૃષિ વિકાસ દિન-૨૦૨૫ તેમજ રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૫"** ના કાર્યક્રમનુ સંયુક્ત આયોજન તા.**૧૪ થી ૧૫ ઓક્ટોબર-૨૦૨૫** દરમ્યાન થનાર છે. રાજયના ખેડૂતોને રવિ સીઝનમાં રવિ પાકો વિષે આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે માર્ગદર્શન માટે પાક પરિસંવાદો અને નવીન ટેકનોલોજી આધારિત કૃષિ પ્રદર્શનો, ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજનાઓ અંગેની સમજ, ખેડૂતોને સહાય લાભોનું વિતરણ, પશુ આરોગ્ય મેળા વગેરે જેવી અનેકવિધ ખેડૂતલક્ષી પ્રવૃત્તિઓ થકી ખેડૂતોને માર્ગદર્શિત કરવા હેતુસર રાજ્યનાં તમામ જિલ્લા અને તાલુકાઓમાં બે દિવસીય આયોજન કરવાનુ થાય છે. જેની વિગતવાર કાર્યક્રમની રૂપરેખા **પરિશિષ્ટ-૧** મુજબ સામેલ રાખેલ છે. કાર્યક્રમની સામાન્ય સુચનાઓ નીચે મુજબ છે.

1) વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત સમગ્ર રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ દિવસની ઉજવણીના ભાગરૂપે યોજાનાર **કૃષિ વિકાસ દિન-૨૦૨૫ તેમજ રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૫"**તા.**૧૪ થી ૧૫ ઓક્ટોબર-૨૦૨૫** સુધી બે દિવસીય કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ છે, જેમાં માન. મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં **રાજ્ય કક્ષાનો ૦૧ કાર્યક્રમ, જિલ્લા કક્ષાના ૩૩ કાર્યક્રમ તથા તાલુકા કક્ષાના ૨૩૦ કાર્યક્રમ**(રાજ્યકક્ષા, જિલ્લાકક્ષા તેમજ સિટી વિસ્તારના તાલુકા કાર્યક્રમોને બાદ કરતાં) એમ મળી **કુલ ૨૬૪** જેટલા કાર્યક્રમો કરવાનું આયોજન કરેલ છે. સદર કાર્યક્રમમાં માન.મુખ્યમંત્રીશ્રી/ માન.મંત્રીશ્રી /માન.રા.ક. મંત્રીશ્રી/ માન.ચેરમેનશ્રી/ માન. સાંસદશ્રી/ માન. ધારાસભ્યશ્રી/ માન.જિલ્લા/તાલુકા પંચાયત પ્રમુખશ્રી નક્કી થયેલ સ્થળ પર હાજર રહેશે. કાર્યક્રમનો સમય સવારે ૦૯:૦૦ કલાકે થી સાંજે ૦૫:૦૦કલાક સુધીનો રહેશે.

2) સદર કાર્યક્રમ અંતર્ગત યોજાનાર કૃષિ વિકાસ દિન-૨૦૨૫ તેમજ રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૫"બે દિવસીય કાર્યક્રમ અંતર્ગત **પ્રથમ દિવસે** કૃષિ વૈજ્ઞાનિક/ કૃષિ નિષ્ણાંત દ્વારા સસ્ટેનેબલ ફાર્મીંગ,

રાસાયણિક ખાતરના કાર્યક્ષમ ઉપયોગ, પ્રાકૃતિક ખેતી દ્વારા ઓર્ગેનિક કાર્બનમાં વધારો, બાગાયત પાકોમાં નવીનતમ ટેકનોલોજી જેવા વિવિધ વિષયો અંગે માર્ગદર્શન.,પ્રગતિશીલ ખેડૂતો દ્વારા સંવાદ/વકતવ્ય/ગોષ્ઠી, ખેડૂતો/પશુપાલકોનુ સન્માન, ખેડૂતોને સહાય લાભોનું વિતરણ,કૃષિ પ્રદર્શન,પશુ આરોગ્ય મેળા તેમજ **બીજા દિવસે:** પ્રાકૃતિક કૃષિ પ્રદર્શન તથા ખેડૂતો દ્વારા પ્રાકૃતિક કૃષિના એક મોડેલ ફાર્મની મુલાકાત લેવામાં આવશે. પ્રાકૃતિક કૃષિ પ્રદર્શન અને પ્રાકૃતિક કૃષિના મોડલ ફાર્મના મુલાકાતની અમલવારી નિયામકશ્રી સમેતિ અને સ્ટેટ નોડલ ઓફીસર, આત્મા દ્વારા કરવામાં આવશે.

3) તાલુકા કક્ષાના ૨ દિવસીય કાર્યક્રમમાં કુલ ૧૦૦૦ ખેડૂતો (૫૦૦ ખેડૂત પ્રતિ દિન), જિલ્લા કક્ષાના એક દિવસીય કાર્યક્રમમાં કુલ ૧૦૦૦ અને રાજ્ય કક્ષાના એક દિવસીય કાર્યક્રમમાં ૫૦૦૦ ખેડૂતો હાજર રહેશે. ખેડૂત મોબીલાઈઝેશનની વ્યવસ્થા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવાની રહેશે.તાલુકા કક્ષાના કાર્યક્રમમાં તાલુકાના તમામ ગામોના ખેડૂતોનું પ્રતિનિધિત્વ જળવાઇ રહે તે મુજબ કાર્યકમનું આયોજન કરવાનું રહેશે. જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં તમામ તાલુકાઓના ખેડૂતોનું પ્રતિનિધિત્વ જળવાઇ રહે તે મુજબ કાર્યકમનું આયોજન કરવાનું રહેશે.
4) રાજ્ય કક્ષાના કાર્યક્રમના સ્થળે કૃષિ પ્રદર્શન માટે કુલ ૨૦ સ્ટોલ, જિલ્લા કક્ષાએ કાર્યક્રમના સ્થળે કૃષિ પ્રદર્શન માટે કુલ ૧૫ સ્ટોલનું અને તાલુકા કક્ષાએ કાર્યક્રમના સ્થળે કૃષિ પ્રદર્શન માટે કુલ ૧૦ સ્ટોલનું આયોજન કરવાનું રહેશે. સંભવિત સ્ટોલ માટેની યાદી આ સાથે સામેલ **પરિશિષ્ટ – ૨** મુજબની રહેશે.
5) કાર્યક્રમ દરમ્યાન દરેક તાલુકામાંથી ખેડૂતોની પંસદગી કરી તેમને સ્ટેજ ઉપરથી મહાનુભાવોના હસ્તે યોજનાઓના મંજુરી પત્રો / સહાય /સહાયના હુકમોના વિતરણ સુચારૂ રૂપે થાય તેવી વ્યવસ્થા કાર્યક્રમના સ્થળેથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવાની રહેશે.
6) સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર તથા આત્મા દ્વારા પ્રગતીશીલ ખેડૂતોને આત્મા બેસ્ટ ફાર્મર (તાલુકા/જિલ્લા/રાજ્ય કક્ષા)ના એવોર્ડ આપવાનું આ કાર્યક્રમમાં સમાવેશ કરવાનો રહેશે.
7) કાર્યક્રમમાં જિલ્લાના સંબધિત માન.સાંસદસભ્યશ્રી, માન.ધારાસભ્યશ્રી તેમજ અન્ય પદાધિકારીશ્રીઓને આમંત્રણ પાઠવવાના રહેશે.
8) સદર કાર્યક્રમના આયોજન માટે જિલ્લા કક્ષાએ જિલ્લા કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં જિલ્લા અમલીકરણ સમિતિની રચના કરવાની રહેશે. જેમાં લાઇન ડીપાર્ટમેન્ટના (મહેસુલ, પંચાયત, કૃષિ, બાગાયત, પશુપાલન, સહકાર, જીજીઆરસી, કૃષિ યુનિવર્સિટી, માહિતી ખાતું, વિગેરે) અધિકારીશ્રીઓને સભ્ય તરીકે રાખવાના રહેશે. સદર સમિતિમાં જિલ્લા ખેતીવાડી અધિકારી સભ્ય સચિવ તરીકે રહેશે.
9) તાલુકા કક્ષાએ પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને તાલુકા અમલીકરણ સમિતિની રચના કરવાની રહેશે. જે તાલુકા કક્ષાના કાર્યક્રમ માટે જવાબદાર રહેશે. સદર સમિતિમાં તાલુકા વિકાસ અધિકારી સભ્ય સચિવ તરીકે રહેશે.
10) તાલુકા કક્ષાના સ્થળની પંસદગી જિલ્લાની ઉક્ત કમીટીના પરામર્શમાં રહી નક્કી કરવાની રહેશે.
11) દરેક કાર્યક્રમ માટે સ્ટેજ ડોમ, મંડપ, ખુર્શી , સોફા, ઈલેક્ટ્રીફિકશન, ડીજી સેટ, એલ ઈ ડી સ્ક્રીન, સાઉંડ સિસ્ટમ, લાભાર્થી માટે લોજીસ્ટીક વ્યવસ્થા,ચા–નાસ્તો, ભોજન, બેકડ્રોપ, સ્ટેન્ડી, હૉર્ડીંગ્સ, એંકરીંગ

તથા કાર્યક્રમના આયોજન સંબધિત આનુષાંગિક તમામ વ્યવસ્થા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવાની રહેશે.

12) સદર કાર્યક્રમ અંતર્ગત **તાલુકા કક્ષાના કાર્યક્રમ દીઠ રૂ. ૫.૦૦ લાખની અને જિલ્લા કક્ષાના કાર્યક્રમ માટે રૂ. ૭.૦૦ લાખ** ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે. જે અન્વયે સ્થાનિક જરૂરિયાત તેમજ પરિસ્થિતિ અનુસાર ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં જિલ્લા અમલીકરણ સમિતિની મંજુરી મેળવી નિયમોનુસાર ખર્ચ કરવાનો રહેશે.

➢ **વિકાસ સપ્તાહ–૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે અંતર્ગત તા. ૧૪ થી ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ સમગ્ર રાજ્યમાં "કૃષિ વિકાસ દિન–૨૦૨૫ તેમજ રવિ કૃષિ મહોત્સવ–૨૦૨૫"યોજાનાર રાજ્યકક્ષા/જિલ્લા કક્ષા/તાલુકા કક્ષાના કાર્યક્રમો અંતર્ગત થનાર અંદાજીત ખર્ચની વિગત દર્શાવતુ પત્રક**

## A. તાલુકાકક્ષાના કાર્યક્રમ માટે

| અ.ન | વિગત | અંદાજીત ખર્ચ ની જોગવાઇ (રૂ) | રીમાર્ક્સ |
|---|---|---|---|
| ૧ | ચા, નાસ્તો, વર્કીંગ લંચ, ખેડુતોને લાવવા લઇ જવા તેમજ અન્ય વ્યવસ્થા ખર્ચ (સદરહુ બાબતે કાર્યક્રમ દીઠ ઉપસ્થિત પ્રતિ ખેડુત મહત્તમ રૂ.૨૫૦/પ્રતિ ખેડુત ખર્ચ કરવાનો રહેશે), મહતમ ૧૦૦૦ ખેડુતો માટે | રૂ. ૨,૫૦,૦૦૦/- | પ્રતિ કાર્યક્રમ |
| ૨ | સ્ટેજ, મંડપ, ખુરશી, એલ.ઇ.ડી (LED, સ્ટોલ તેમજ અન્ય આનુષંગિક વ્યવસ્થા માટે | રૂ. ૨,૫૦,૦૦૦/- | પ્રતિ કાર્યક્રમ |
| | **કુલ** | **રૂ. ૫,૦૦,૦૦૦/-** | **=૫,૦૦,૦૦૦ X ૨૩૦ કાર્યક્રમ =૧૧,૫૦,૦૦,૦૦૦** |

## B. જિલ્લા કક્ષાના કાર્યક્રમ માટે

| અ.ન | વિગત | અંદાજીત ખર્ચ ની જોગવાઇ (રૂ) | રીમાર્ક્સ |
|---|---|---|---|
| ૧ | ચા, નાસ્તો, વર્કીંગ લંચ, ખેડુતોને લાવવા લઇ જવા તેમજ અન્ય વ્યવસ્થા ખર્ચ (સદરહુ બાબતે કાર્યક્રમ દીઠ ઉપસ્થિત પ્રતિ ખેડુત મહત્તમ રૂ.૩૫૦/પ્રતિ ખેડુત ખર્ચ કરવાનો રહેશે), મહતમ ૧૦૦૦ ખેડુતો માટે | રૂ. ૩,૫૦,૦૦૦/- | પ્રતિ કાર્યક્રમ |
| ૨ | સ્ટેજ, મંડપ, ખુરશી, એલ.ઇ.ડી (LED, સ્ટોલ તેમજ અન્ય આનુષંગિક વ્યવસ્થા માટે | રૂ. ૩,૫૦,૦૦૦/- | પ્રતિ કાર્યક્રમ |
| | **કુલ** | **રૂ. ૭,૦૦,૦૦૦/-** | **=૭,૦૦,૦૦૦ X ૩૩ કાર્યક્રમ =૨,૩૧,૦૦,૦૦૦** |

| | | | |
|---|---|---|---|
| C | રાજ્ય કક્ષાના કાર્યક્રમ માટે | રૂ. ૩,૦૦,૦૦,૦૦૦ | = ૩,૦૦,૦૦,૦૦૦<br>X ૧ કાર્યક્રમ<br>=૩,૦૦,૦૦,૦૦૦ |
| | કુલ (A + B + C ) | રૂ. ૧૬,૮૧,૦૦,૦૦૦/–<br>(અંકે રૂપિયા સોળ કરોડ એક્યાસી લાખ પુરા) | |

13) સદર કાર્યક્રમનો થનાર ખર્ચ કૃષિ મહોત્સવ ૨૦૨૫ની યોજનામાં થયેલ બજેટ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

14) સદર કાર્યક્રમ અંતર્ગત કૃષિ વિકાસ દિન–૨૦૨૫ તેમજ રવિ કૃષિ મહોત્સવ–૨૦૨૫" આયોજન તેમજ ખર્ચ બાબતે કૃષિ મહોત્સવ–૨૦૨૫ના સામેલ ઠરાવના નિયમો, શરતો અને બોલીઓ મુજબ અમલવારી કરવાની રહેશે.

15) સદર કાર્યક્રમ બાબતે નિયત થયેલ ખર્ચની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે. સદર કાર્યક્રમ બાબતે મંજુર થયેલ કુલ જોગવાઈ કરતા વધુ ગ્રાન્ટની જરૂર જણાય તો જરૂરી વિગતો અને આધાર પુરાવા સાથે સરકારશ્રીને અલગથી દરખાસ્ત રજુ કરવાની રહેશે.

16) વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત કૃષિ વિકાસ દિન–૨૦૨૫ તેમજ રવિ કૃષિ મહોત્સવ–૨૦૨૫" આયોજન માટે થયેલ ખર્ચની દરખાસ્ત પેટા વિભાગ કચેરી દ્વારા નિયત નમુનામાં તૈયાર કરી જિલ્લા ખેતીવાડી અધિકારીને રજુ કરવાની રહેશે. જિલ્લા ખેતીવાડી અધિકારીએ જિલ્લાના તમામ કાર્યક્રમોની દરખાસ્ત સંકલીત કરી નોડલ એજન્સી ગુજરાત રાજ્ય બીજ નિગમ, ગાંધીનગરને ચુકવણા અર્થે મોકલી આપવાની રહેશે.

17) કાર્યક્રમના સ્થળે ચા–નાસ્તો/બપોરના ભોજનની વ્યવસ્થા તથા ખેડૂતોને લાવવા લઈ જવાની વ્યવસ્થા જિલ્લા વહીવટી તંત્રદ્વારા કરવાની રહેશે.ખેડૂતોને લાવવા લઈ જવાની વ્યવસ્થા માટેનો તેમજ ચા–નાસ્તો–ભોજન માટેનો ખર્ચ કાર્યક્રમ દીઠ ફાળવેલ ગ્રાંટમાંથી નિયત મર્યાદામાં કરવાનો રહેશે.

18) કાર્યક્રમની સાથોસાથ પશુપાલન વિભાગે સ્થાનિક કક્ષાએ ૨ દિવસ માટે પશુ આરોગ્ય કેમ્પ કરવાના રહેશે.

19) જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, નાયબ ખેતી નિયામક (વિસ્તરણ), નાયબ બાગાયત નિયામક, નાયબ પશુપાલન નિયામક, પ્રોજેક્ટ ડાયરેક્ટર–આત્માએ દરેક કાર્યક્રમના સફળ સંચાલન માટે સ્થાનિક ધોરણે કૃષિ અને સંલગ્ન ખાતાના અધિકારીઓ, ગુજરાત રાજ્ય બીજ નિગમ, ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન, કૃષિ યુનિવર્સિટી,સ્થાનિક યાંત્રિક સાધનોના ડીલર્સ વિગેરેના સંકલનમાં રહી જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

20) સદર કાર્યક્રમ અંતર્ગત યોજનાર કૃષિ વિકાસ દિન–૨૦૨૫ તેમજ રવિ કૃષિ મહોત્સવ–૨૦૨૫"માં કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકશ્રીઓ દ્વારા સસ્ટેનેબલ ફાર્મિંગ, ખેતી અને બાગાયતી પાકોમાં મુલ્ય વર્ધન, રાસાયણિક ખાતરનો કાર્યક્ષમ ઉપયોગ, પ્રાકૃતિક ખેતી દ્વારા ઓર્ગેનિક કાર્બનમાં વધારો, બાગાયત

પાકોમાં નવીનતમ ટેકનોલોજી, સફળ પશુપાલન વગેરે જેવા વિષયોને સેમીનારમાં આવરી લઇ કાર્યક્રમમાં ખેડૂતોને માર્ગદર્શન આપવાનું રહેશે.

21) સદર કાર્યક્રમમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત/પ્રોસેસીંગ કરતા/આગેવાન ખેડૂત તથા FPO તેમજ પ્રગતિશીલ ખેડૂતના વક્તવ્યનું આયોજન કરવાનું રહેશે.

22) સદર કાર્યક્રમમાં જે તે જિલ્લામાં તાલુકાકક્ષાના કાર્યક્રમ માટે કૃષિ યુનિવર્સિટી દ્વારા વિષયને અનુરૂપ વૈજ્ઞાનિકશ્રીઓની નિમણુંક કરવાની રહેશે. સદર બાબતે કૃષિ યુનિવર્સિટી દ્વારા સંબધિત જિલ્લાના જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીના સંકલનમાં રહી કામગીરી કરવાની રહેશે.

23) તમામ જિલ્લાના જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીએ જિલ્લા કક્ષાએથી કાર્યક્રમના પુર્વ આયોજનની વિગતવાર માહિતી તેમજ કાર્યક્રમ પુર્ણ થયા બાદ રીપોર્ટીંગની કામગીરી સમયમર્યાદામાં પુર્ણ થાય તે માટે વર્ગ –૨ કક્ષાના અધિકારીની નિમણૂંક કરવાની રહેશે.

24) સંબંધિત વિસ્તારના ખેડૂતો પાસેથી પાક તથા ખેતી સંલગ્ન પ્રશ્નો અગાઉથી ગ્રામસેવક/વિસ્તરણ અધિકારીએ મેળવીને સંબંધીત કૃષિ વૈજ્ઞાનિકશ્રીને આપવાના રહેશે જેથી કૃષિ વૈજ્ઞાનિકશ્રી પૂરતી તૈયારી સાથે કાર્યક્રમમાં હાજર રહી ખેડૂતોને માર્ગદર્શન આપી શકે.

25) કૃષિ યુનિવર્સિટીના નિષ્ણાતે પાક પરિસંવાદ અને ત્યારબાદ પ્રદર્શન ખાતેના કૃષિ યુનિવર્સીટીના સ્ટોલ્સ ઉપર બે દિવસ માટે હાજર રહી ખેડૂતોને સબંધિત વિસ્તારમાં થતા પાકો અંગે માર્ગદર્શન તથા ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ આપવાનું રહેશે.

26) સદર કાર્યક્રમ સાથે સંકળાયેલા અન્ય વિભાગોએ પણ કાર્યક્રમના સ્થળે/ સ્થાનિક કક્ષાએ પોતાના વિભાગની કામગીરી હાથ ધરવાની રહેશે.

27) સદર કાર્યક્રમ માટેના જિલ્લાવાર નોડલ અધિકારીશ્રીઓની નિમણુંક પશુપાલન, બાગાયત, આત્મા, ખાતાના વડાના પરામર્શમાં ખેતી નિયામકશ્રી દ્વારા કરવાની રહેશે.

28) કલેક્ટરશ્રીએ પ્રભારી મંત્રીશ્રી/પ્રભારી સચિવશ્રીને સદર કાર્યક્રમના સમગ્ર આયોજન અંગે થયેલ કામગીરીથી માહિતગાર કરવાના રહેશે.

29) વર્ગ–૧/વર્ગ–૨ કક્ષાના અધિકારીશ્રીઓને દરેક કાર્યક્રમ દીઠ સ્વતંત્ર જવાબદારીઓ સોંપવાની રહેશે.

30) કૃષિ વિકાસ દિન–૨૦૨૫ તેમજ રવિ કૃષિ મહોત્સવ–૨૦૨૫"ના સંકલિત કાર્યક્રમોમાં આઈ–ખેડૂત પોર્ટલ તથા ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓની ખેડૂતોને સમજ આપવાની રહેશે.

31) વિકાસ સપ્તાહ–૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે અંતર્ગત તા. ૧૪ થી ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ સમગ્ર રાજ્યમાં "કૃષિ વિકાસ દિન–૨૦૨૫ તેમજ રવિ કૃષિ મહોત્સવ–૨૦૨૫" કાર્યક્રમોનું પુર્વ આયોજન તેમજ કાર્યક્રમ પુર્ણ થયા બાદ સરકારશ્રી કક્ષાએ રીપોર્ટીંગ કરવા તથા સતત માહિતગાર કરવા હેતુ કેન્દ્રીય મોનીટરીંગ સેલની રચના પશુપાલન નિયામકશ્રીની કચેરીએ કરવાની રહેશે. કાર્યક્રમ પુર્ણ થયા બાદ સમગ્ર કાર્યક્રમનો સંકલીત રીપોર્ટ તૈયાર કરી સરકારશ્રી કક્ષાએ રીપોર્ટીંગ કરવાનું રહેશે.

ઉક્ત વિકાસ સપ્તાહ–૨૦૨૫ના કાર્યક્રમનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી નં:– | ૦૨ |
| મુખ્ય સદર:– | ૨૪૦૧–પાક કૃષિ વ્યવસ્થા |
| ગૌણ સદર:– | ૦૦૧– નિર્દેશ અને વહીવટ |
| પેટા સદર:– | ૦૬–કૃષિ વિકાસ માટે વહીવટ વિસ્તરણ અને પૂર્વ જરૂરી સવલતો |

➢ **વિકાસ સપ્તાહ–૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે અંતર્ગત તા. ૧૪ થી ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ સમગ્ર રાજ્યમાં "કૃષિ વિકાસ દિન–૨૦૨૫ તેમજ રવિ કૃષિ મહોત્સવ –૨૦૨૫" કાર્યક્રમનું સફળ આયોજન માટે સમિતિઓની રચના અને કાર્યો.**

**(૧) રાજ્ય કક્ષાની કોર કમિટી**

| **ક્રમ નં** | **અધિકારીશ્રીનું નામ** | **હોદ્દો** |
|---|---|---|
| ૧ | ડૉ. અંજુ શર્મા, IAS, અધિક મુખ્ય સચિવશ્રી (કૃષિ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગર | અધ્યક્ષશ્રી |
| ૨ | શ્રી સંદીપ કુમાર, IAS, સચિવશ્રી, પશુપાલન, ગૌ–સંવર્ધન, મત્સ્યોદ્યોગ અને સહકાર વિભાગ, ગાંધીનગર | સહ અધ્યક્ષશ્રી |
| ૩ | શ્રી વિજય ખરાડી, IAS, મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કો.લી. ગાંધીનગર | સભ્યશ્રી |
| ૪ | શ્રી નિતીન સાંગવાન, IAS, સંયુક્ત સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૫ | શ્રી આર. એમ. ડામોર, IAS, સંયુક્ત સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૬ | શ્રી શ્રી આર.પી.રાજપુત, ખેતી નિયામકશ્રી, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૭ | શ્રી એચ.એમ.ચાવડા, બાગાયત નિયામકશ્રી, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૮ | ડો.એફ.એસ.ઠાકર, પશુપાલન નિયામકશ્રી, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૯ | શ્રી એસ.કે.જોષી, નિયામકશ્રી, સમેતિ અને સ્ટેટ નોડલ ઓફીસર, આત્મા, ગાંધીનગર | સભ્યશ્રી |

**કાર્યો :-** રાજ્યકક્ષાના કાર્યક્રમના આયોજન સંબધિત નિર્ણયો અંગેની કોર કમિટી.

## (૨) જિલ્લા અમલીકરણ સમિતિની રચના :-

| ક્રમ નં | અધિકારીશ્રીનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | કલેક્ટરશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી | સહઅધ્યક્ષશ્રી |
| ૩ | પોલિસ અધિક્ષકશ્રી | સભ્યશ્રી |
| ૩ | નિવાસી અધિક કલેકટરશ્રી | સભ્યશ્રી |
| ૪ | નાયબ બાગાયત નિયામકશ્રી, | સભ્યશ્રી |
| ૫ | નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ), | સભ્યશ્રી |
| ૬ | પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, આત્મા, | સભ્યશ્રી |
| ૭ | સંબંધિત કૃષિ યુનિવર્સીટીના કૃષિ વૈજ્ઞાનિક /કૃષિ વિજ્ઞાન કેંદ્રના કૃષિ વૈજ્ઞાનિક | સભ્યશ્રી |
| ૮ | નાયબ પશુપાલન નિયામકશ્રી, જિ.પ. | સભ્યશ્રી |
| ૯ | જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત | સભ્ય સચિવશ્રી |
| | અન્ય સભ્યોનો સમાવેશ કલેક્ટરશ્રી જરૂરિયાત મુજબ કરશે | |

**કાર્યો :-**

- સદર કાર્યક્રમનું સુચારૂ આયોજન, અમલીકરણ અને મોનીટરીંગ.
- મહાનુભાવો અને પદાધિકારીઓને કાર્યક્રમના આમંત્રણ આપવા અને સ્ટેજ પર પ્રોટોકોલની વ્યવસ્થા કરવી તેમજ કાર્યક્રમ અંગે માહિતી પુરી પાડવી તથા બ્રીફીંગ કરવું.
- કાર્યક્રમના સ્થળ પસંદગી કરી તેની ચકાસણી કરવી, સ્થાનિક પરિસ્થિતિ અનુસાર કાર્યક્રમમાં સુચિત સ્થળ કે અન્ય ફેરફાર કરવાનો હોય તો રાજ્ય સરકારશ્રીની જાણ હેઠળ ફેરફાર કરી શકાશે.
- કાર્યક્રમના સ્થળે પ્રદર્શન/સ્ટોલ માટે આયોજનની ટીમની રચના કરવી.
- કાર્યક્રમનો લાભ વધુમાં વધુ ખેડૂતો લઈ શકે તે માટે એ.પી.એમ.સી., ડેરી, સુગરફેક્ટરી, સહકારી સંસ્થાઓ વગેરેનોસહયોગ સુનિશ્ચિત કરવો.
- કાર્યક્રમના ભાગરૂપે આમંત્રીત ખેડૂતો / પશુપાલકોને ચા-નાસ્તો તેમજ વર્કીંગ લંચ પુરી પાડવાની વ્યવસ્થા.
- કાર્યક્રમના સ્થળે મંડપ, માઇક, લાઇવ પ્રસારણ માટે LED તેમજ અન્ય આનુષંગિક જરૂરી તમામ વ્યવસ્થા
- કાર્યક્રમ અંતર્ગત સ્ટેજ માટેના બેકડ્રોપ તેમજ ડાયસ પ્લાન તૈયાર કરવાની તેમજ જરૂર જણાયે સક્ષમ સત્તાધિકારિની મંજુરી.

➢ મિનિટ ટુ મિનિટ કાર્યક્રમ મુજબનું અમલીકરણ

**(૩) તાલુકા અમલીકરણ સમિતિની રચના:-**

| **ક્રમ નં** | **અધિકારીશ્રીનું નામ** | **હોદ્દો** |
|---|---|---|
| ૧ | પ્રાંત અધિકારીશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨ | તાલુકા મામલતદારશ્રી | સભ્ય |
| ૩ | મદદનીશ ખેતી નિયામકશ્રી / ખેતીવાડી અધિકારીશ્રી | સભ્ય |
| ૪ | વિસ્તરણ અધિકારીશ્રી (ખેતી) | સભ્ય |
| ૫ | તાલુકા વિકાસ અધિકારીશ્રી | સભ્ય સચિવશ્રી |
| ૬ | પ્રાંત અધિકારીશ્રી સ્થાનીક પરિસ્થિતિ મુજબ લાઇન ડીપાર્ટમેંટના અધિકારીઓ, પદાધીકારીઓ સ્થાનીક સંસ્થા , બેંક પ્રતિનિધિઓનો સભ્ય તરીકે સમાવેશ કરી શકશે. | |

**કાર્યો:-**

➢ જિલ્લા અમલીકરણ સમિતીના પરામર્શમાં રહી કાર્યક્રમના સ્થળની પંસદગી કરવી.

➢ મહાનુભાવો અને પદાધિકારીઓને કાર્યક્રમના આમંત્રણ આપવા અને સ્ટેજ પર સરકારી નિયમોનુસારના પ્રોટોકોલની વ્યવસ્થા કરવી તેમજ કાર્યક્રમ અંગે માહિતી પુરી પાડવી તથા બ્રીફીંગ કરવું.

➢ કાર્યક્રમ અંતર્ગત સ્ટેજ માટેના બેકડ્રોપ તેમજ ડાયસ પ્લાન તૈયાર કરવાની તેમજ જરૂર જણાયે સક્ષમ સત્તાધિકારિની મંજુરી મેળવવાની રહેશે.

➢ વધુમાં વધુ સંખ્યામાં ખેડૂતો હાજર રહે તે માટે રૂટ પ્લાનિંગ તથા સંખ્યા સાથેનું ચોક્કસ આયોજન કરવુ.

➢ કાર્યક્રમના સ્થળે મંડપ, માઇકલાઇવ પ્રસારણ માટે LEDતેમજ અન્ય આનુષંગિક જરૂરી તમામ વ્યવસ્થા

➢ સ્થાનિક ધોરણે ફાયર સેફ્ટી, વીજ પુરવઠો, સ્વચ્છતા અને પ્રાથમિક સારવાર માટેની વ્યવસ્થા

➢ કાર્યક્રમના ભાગરૂપે આમંત્રીત ખેડૂતો / પશુપાલકોને ચા–નાસ્તો તેમજ વર્કીંગ લંચ પુરી પાડવાની વ્યવસ્થા.

➢ કાર્યક્રમના દિવસે પીવાના પાણી, ટોયલેટ તથા અન્ય આવશ્યક પ્રાથમિક સુવિધાની વ્યવસ્થા કરવી.

➢ સ્થાનિક પ્રચાર પ્રસારની વ્યવસ્થા કરવી.

કાર્યક્રમને લગતી તમામ આનુષંગિક વ્યવસ્થા તેમજ કાર્યક્રમના સ્થળે ફાયર સેફ્ટી, વીજ પ્રવાહ, **V.V.I.P.** પ્રોટોકોલ, તેમજ સમગ્ર કાર્યક્રમના આયોજન, સંકલન માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જરૂરી આયોજન કરવાનું રહેશે અને કામગીરી સોંપણી અંગેના અલગથી હુકમો કરવાના રહેશે. ઉપર મુજબની કમિટીઓમાં સમાવિષ્ટ અધિકારીઓ દ્વારા જિલ્લાની ટીમો સાથે સંકલન કરવાનુ રહેશે. ઉક્ત કાર્યક્રમ ઉચ્ચત્તમ મહાનુભાવોની ઉપસ્થિતીમાં થનાર હોઈ, તેનુ ઔચિત્ય જળવાય અને સફળતાપુર્વક કાર્યક્રમ પુર્ણ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર તા.૦૪/૧૦/૨૦૨૫ ની નોંધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

(નિકી ઓઝા)
ઉપ સચિવ
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

**પ્રતિ,**

- અધિક મુખ્ય સચિવશ્રી (કૃષિ)ના રહસ્ય સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણઅને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (પ.પા., ગૌ સંવર્ધન, મત્સ્યોદ્યોગ અને સહકાર)ના રહસ્ય સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ ગાંધીનગર.
- અધિક સચિવશ્રી/સંયુક્ત સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
- સબંધિત જિલ્લા કલેક્ટરશ્રી/જિલ્લા વિકાસ અધિકારીશ્રી (સંબંધિત વડી કચેરી મારફત)
- સબંધિત જિલ્લાનિવાસી અધિક કલેક્ટરશ્રી (સંબંધિત વડી કચેરી મારફત)
- સબંધિત જિલ્લા નાયબ કલેક્ટરશ્રી(પ્રોટોકોલ) (સંબંધિત વડી કચેરી મારફત)
- ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, કૃષિભવન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર
- બાગાયત નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, કૃષિભવન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.
- પશુપાલન નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, કૃષિભવન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય બીજ નિગમ, ગાંધીનગર
- નિયામકશ્રી, સમેતિ આત્મા પ્રોજેક્ટ, કૃષિભવન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.
- સર્વે સંબંધિત અધિકારીશ્રી/કચેરી (સંબંધિત વડી કચેરી મારફત)
- સિલેક્ટ ફાઈલ

**પરિશિષ્ટ- ૧**

**વિકાસ સપ્તાહ-૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે અંતર્ગત તા.૧૪ થી ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ સમગ્ર રાજ્યમાં "કૃષિ વિકાસ દિન-૨૦૨૫ તેમજ રવિ કૃષિ મહોત્સવ - ૨૦૨૫" સુચિત કાર્યક્રમની રૂપરેખા નીચે મુજબ રહેશે.**

**(સ્થાનિક પરિસ્થિતિ મુજબ તેમાં ફેરફાર કરી શકાશે)**

| **ક્રમ** | **વિગત** | **સમય** | **સમય** |
|---|---|---|---|
| ૧ | ખેડૂતોનું આગમન અને રજીસ્ટ્રેશન | ૦૯:૦૦ થી ૧૦:૦૦ | |
| ૨ | મહાનુભાવોનું મંચ ઉપર આગમન (માન.મંત્રીશ્રી માન.સાંસદશ્રી, માન. ધારાસભ્યશ્રી, માન મેયરશ્રી, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી વગેરે) | ૧૦:૩૦ થી ૧૦:૩૨ | ૦૨ મીનીટ |
| ૩ | મહાનુભાવોનું સ્વાગત | ૧૦.૩૨ થી ૧૦:૩૫ | ૦૩ મીનીટ |
| ૪ | દિપ પ્રાગટ્ય | ૧૦:૩૫ થી ૧૦:૩૭ | ૦૨ મીનીટ |
| ૫ | સ્વાગત પ્રવચન | ૧૦:૩૭ થી ૧૦:૪૦ | ૦૩ મીનીટ |
| ૬ | કૃષિ વૈજ્ઞાનિક વક્તવ્ય | ૧૦:૪૦ થી ૧૦:૪૫ | ૦૫ મિનિટ |
| ૭ | પ્રગતિશીલ ખેડૂતનું વક્તવ્ય | ૧૦:૪૫ થી ૧૦:૫૦ | ૦૫ મિનિટ |
| ૬ | માન. અતિથી વિશેષનું પ્રાસંગિક ઉદબોધન | ૧૦:૫૦ થી ૧૧:૦૦ | ૧૦ મીનીટ |
| ૭ | **માન. મુખ્યમંત્રીશ્રીના સંવાદ કાર્યક્રમ માટે વર્ચ્યુઅલ જોડાણ** | **૧૧:૦૦ થી ૧૧:૫૦** | **૫૦ મીનીટ** |
| ૯ | વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાય વિતરણ | ૧૧.૫૦ થી ૧૧:૫૮ | ૦૮ મીનીટ |
| ૧૦ | આભાર વિધિ | ૧૧:૫૮ થી ૧૨:૦૦ | ૦૨ મીનીટ |
| ૧૧ | વર્કીંગ લંચ | ૧૨:૦૦ થી ૧૩:૩૦ | |
| ૧૨ | કૃષિ પ્રદર્શન સ્ટોલની મુલાકાત | ૧૩:૩૦ થી ૧૭:૦૦ | |

## પરિશિષ્ટ– ૨

## સંભવિત સ્ટોલની વિગતો

| અ.નં | વિગત |
|---|---|
| ૧ | **ખેડૂતોના સ્ટોલ**<br>• પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂતોના સ્ટોલ<br>• બાગાયતી ખેત પેદાશોનું પ્રદર્શન<br>• "શ્રી અન્ન" ની ખેડૂતો દ્વારા તૈયાર કરેલ વિવિધ વાનગીઓના પ્રદર્શન અને વેચાણ<br>• FPO ના પ્રદર્શન સ્ટૉલ |
| ૨ | **નવીન ટેકનોલોજીના આકર્ષણો અંગેના સ્ટોલ –**<br>• મિલેટ પાકોની વૈજ્ઞાનિક ખેતી તથા મુલ્યવર્ધન<br>• ડ્રોન ટેકનોલોજીનું પ્રત્યક્ષ નિદર્શન<br>• NewAges ફર્ટીલાઈઝરના વપરાશ વધારા માટે ખેડૂતોમાં જાગૃતિ લાવવા અંગેના સ્ટોલ<br>• ગાય આધારીત પ્રાકૃતિક ખેતીના ઘટકોના લાઈવ સ્ટોલ (બીજામૃત, જીવામૃત, ઘનામૃત, નિમાસ્ત્ર વિગેરે) આધારિત પ્રદર્શન સ્ટોલ |
| ૩ | **કૃષિ અને સંલગ્ન ખાતા તેમજ કૃષિ યુનિવર્સીટીના સ્ટોલ**<br>• જમીન ચકાસણી માટેના સ્ટોલ (સરકારી/ખાનગી સંસાધનોનો પીપીપી મોડ)<br>• કિસાન ક્રેડીટ કાર્ડ માટેના સેંટર<br>• ખેડૂત ઉપયોગી સંશોધનો/ ભલામણો દર્શાવતા કૃષિ યુનિવર્સીટીના સ્ટોલ<br>• પશુપાલન ખાતા દ્વારા સ્થાનિક કક્ષાએ પશુ આરોગ્ય કેમ્પ<br>• બાગાયત/પશુપાલન ખાતાના સ્ટોલ<br>• પી એમ કિસાન યોજના અંતર્ગત લેંડ સીડીંગ, ઇ કેવાયસી અને સેલ્ફ રજીસ્ટ્રેશન બાબતના સ્ટોલ |
| ૪ | **ખાનગી કંપનીઓના સ્ટોલ**<br>• ફાર્મ મિકેનાઈઝેશન/એગ્રો પ્રોસેસીંગ માટેના યંત્ર/ઓજારો અને ખેતીવાડીના સ્ટોલ |